ગાંધીનગર સમાચાર
તા. ૨-૮-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

# હેપી બર્થ ડે ગાંધીનગર

દ્વિભાષી મુંબઈ રાજયમાંથી ગુજરાત જુદું પડ્યું ત્યારે નેતાઓમાં નવા રાજયના પાટનગર તરીકે કયા શહેર પર પસંદગી ઉતારવી તે મુદ્દે સર્વસંમતિનો અભાવ હતો. મુંબઈ રાજયના મુખ્યમંત્રી પદે રહી ચૂકેલા મોરારજી દેસાઈ જેવા ધુરંધર રાજપુરુષ તો મૂળે વિભાજનના જ વિરોધી હતા. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી તરીકે નિમાયેલા ડો. જીવરાજ મહેતા મૂળે અમરેલીના પણ એમનું કાર્યક્ષેત્ર વડોદરા રહ્યું હતું. જીવરાજ મહેતાના શ્વસુર મનુભાઈ મહેતા વડોદરા રાજયના દીવાન હતા, એમનાં સુપુત્રી ડો. હંસા મહેતા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનાં પ્રથમ વાઈસ ચાન્સેલર બન્યા હતા. દેખીતી રીતે જ નવા રાજયના પાટનગર તરીકે અમદાવાદ સાથે વડોદરા પણ રેસમાં હતું. પરંતુ આખરે અમદાવાદને વખત પૂરતું પાટનગર બનાવાયું હતું અને આસપાસ નવું પાટનગર-ગાંધીનગર વિકસાવવાના મુદ્દે સહમતિ સધાઈ હતી. ગાંધીનગરમાં સેકટર-૩૦ ખાતે જીઈબીના ગેસ્ટહાઉસ તરીકે ઓળખાતી ઈમારતમાં પહેલી ઈંટ ૨ ઓગસ્ટ, ૧૯૬૫ના દિવસે મુકાઈ હતી, જ્યાં દર વર્ષે નગરના અગ્રણીઓ ભેગા મળી નગરનો જન્મદિવસ ઊજવે છે. ગાંધીનગર જૂના મહેસાણા જિલ્લાના પેથાપુર નજીકમાં કેટલાંક ગામો તથા સાબરમતી કિનારે આવેલા ઈન્દ્રોડા અને બોરીજ જેવાં ગામોની ખેતીની જમીન સંપાદિત કરી વસાવાયેલું આધુનિક નગર છે. સ્થપતિ એચ.કે. મેવાડાએ ચંડીગઢની નગર રચનાનો અભ્યાસ કરી એ પેટર્ન પર ગુજરાતના નવા પાટનગરનો પ્લાન તૈયાર કર્યો હતો. પાંચ દાયકા અગાઉ જ્યાં ખેતરો અને વગડો હતો ત્યાં આજે વિશ્વનાં અગ્રિમ હરિયાળાં નગરો પૈકીનું એક આધુનિક નગર વસી ગયું છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુબાપા એને ફૂલોની નગરી બનાવવા માગતા હતા પરંતુ વિકાસની ગતિ સાથે વૃક્ષો કપાતાં રહ્યાં છે. આટલા સમયગાળામાં એણે ખાસ્સું કાઠું પણ કાઢ્યું છે. વિશ્વસ્તરની અદ્યતન ઈમારતો, પુનિતવન જેવું રમણીય ઉદ્યાન, અક્ષરધામ જેવું તીર્થ અને મહાત્મા મંદિર જેવું આધુનિક પ્રતિષ્ઠાન એ ગાંધીનગરને અન્ય શહેરો કરતાં જુદી ઓળખ આપે છે. ઈંદ્રોડા નજીકનું પ્રકૃતિ ઉદ્યાન એ ગાંધીનગરની યશકલગીનું છોગું છે. અહીં એશિયાનું સૌથી વિશાળ પક્ષીગૃહ (એવરી) વિકસાવાયું છે તો વળી સાબરમતીનાં કોતરોમાં વસતા ઝેરી અને બિનઝેરી સાપોનું સર્પગૃહ પણ એનું આગવું આકર્ષણ છે. ગાંધીનગરમાં બે પગાળા સર્પો પણ વસે છે એ કહેવાની જરૂર ખરી? ગાંધીનગરની પ્રારંભિક અવસ્થા એક અલ્પવિકસિત ધૂળિયા વસાહત જેવી હતી. આ રાજકારણીઓ અને સરકારી કર્મચારીઓનું નગર પાંચ દાયકા દરમિયાન એક નવી જ ઓળખ આંબી રહ્યું છે. અહીં ફક્ત રાજકીય સોદાબાજી કે સરકારી હુકમશાહી નથી ચાલતી, આ શહેર હવે ગુજરાતનાં સાંસ્કૃતિ છબી ધરાવતાં નગરોની પંગતમાં બેસી ગયું છે. ભાવનગર અને વડોદરાની જેમ અહીં સંસ્કાર અને સાહિત્યકલા પ્રવૃત્તિઓ વિકસી છે. અહીં કલ્ચરલ ફોરમ અને શિવરંજની જેવી સંસ્કાર પ્રવૃત્તિઓને સમર્પિત સંસ્થાઓ છે તો વળી મોહંમદ માંકડ જેવા વરિષ્ઠ સાહિત્યકારે આ નગરમાં આયુષ્યનો અંતિમ અધ્યાય ગુજારવાનો સંકલ્પ કર્યો છે. રાજધાની હોવાને કારણે પહોળા રાજમાર્ગો છે, પણ હજી પબ્લિક સેનિટેશનની બાબતમાં ઘણું બધું કરવાનું બાકી છે. ગાંધીનગરને મોડે મોડે મહાનગર પાલિકા મળી છે, જો કે એ હજી બાલ્યાવસ્થામાં છે અને રાજકીય કાવાદાવાનો અખાડો બની રહી હોઈ લોકનજરમાં પ્રતિષ્ઠિત બની શકી નથી. ગાંધીનગરમાં બેઠાં બેઠાં મુખ્યમંત્રીશ્રી આખા દેશને ઊંચો નીચો કરે છે. ખાટલે ખોડ હોય તો એટલી કે ગાંધીનગરમાંથી 'ગાંધી'ને સદંતર દેશવટો અપાઈ ચૂક્યો છે.



સેકટર-૧ ૩માં આવેલ સરકારી કન્યા છાત્રાલય ખાતે પુસ્તક પ્રદર્શનને ખૂલ્લું મુકવામાં આવ્યું છે.

# નેશનલ જમ્પ રોપ સ્પર્ધામાં ગુજરાતની ટીમ પ્રથમ ક્રમે વિજેતા

ગાંધીનગર, તા. ૧

જમ્પ રોપ એસોસિએશન ઓફ ગુજરાતની ટીમે તાજેતરમાં મહારાષ્ટ્ર ખાતે નાસિકમાં ૧૦મી સબ જુનિયર નેશનલ જમ્પ રોપ સ્પર્ધામાં ૨૧ મેડલ જીતી ગુજરાતને પ્રથમ ક્રમ અપાવ્યો હતો.

નાસિક ખાતે ૧૦મી સબ જુનિયર નેશનલ જમ્પરોપ સ્પર્ધામાં ભારત ભરમાંથી ૧૯ ટીમોએ ભાગ લીધો હતો. ગુજરાતની ગર્લ્સ ટીમ તેમજ બોયઝ ટીમે ભાગ લીધો હતો. ગુજરાતની ગર્લ્સ ટીમે ૧૭ મેડલ્સ મેળવી પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. જેમાં ૧૧ ગોલ્ડ, સિલ્વરના ૩ અને



બ્રોન્ઝના ૩ મેડલ મેળવ્યા હતા. સમગ્ર સ્પર્ધામાં ગુજરાત પ્રથમ ક્રમે, દિલ્હી બીજા ક્રમે અને મહારાષ્ટ્ર ત્રીજા ક્રમે વિજેતા બન્યા હતા.

# જે.એમ. ચૌધરી વિદ્યાલયની ખેલાડીઓ રાજયકક્ષાએ રમશે

ગાંધીનગર, તા. ૧

જિલ્લાકક્ષાની વેઈટ લીફટીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જે રાજયકક્ષાએ રમવા જશે. ભાગલેનાર ખેલાડીઓને આચાર્યા સંતોકબેન ચૌધરી અને વ્યાયામ શિક્ષિકા બેહેનોએ અભિનંદન પાઠવ્યા હતા. ચૌધરી વિમલા પાંચાભાઈ, ચૌધરી ભૂમિકા, ચૌધરી મનિષા, ચૌધરી રોશની, ચૌધરી માસુમ, ચૌધરી કેતુ, જોશી મનાલી.

# લીંબડીયા ગામે ઘટક-૨ આંગણવાડી કેન્દ્રોમાં ભૂલકાઓને ત્રીજું ભોજન લાડું આપવાનું શરૂ

ગાંધીનગર, તા.૧

ગુજરાત સરકાર દ્વારા કુપોષણ બાળકોનું વજન વધારવા માટે બાળકોને આંગણવાડી કેન્દ્ર દ્વારા આપવામાં આવતા સવારના નાસ્તા તથા બપોરના આહાર ઉપરાંત સામાન્ય ઓછા વજનવાળા અને અતિશય ઓછા વજનવાળા બાળકોને લાડું ત્રીજા આહાર 'ઘરે લઈ જવાના નાસ્તા' તરીકે આપવામાં આવે છે. આ અનુસંધાને ગાંધીનગર ઘટક-૨ના લીંબડીયા ગામે આંગણવાડીમાં આવતા ૩-૬ વર્ષ સુધીના તમામ બાળકોને ત્રીજું ભોજન લાડુ સરપંચ તેમજ ગામના આગેવાનો દ્વારા લોકભાગીદારીથી આપવાનું શરુ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સાકરબેન પટેલ તરફથી ૩ થી ૬ વર્ષ



સુધીના ૪૫ બાળકોને ૧૦ હજારના ગણવેશ આપવામાં આવ્યા છે. આ કાર્યક્રમનું ઉદઘાટન છાયાબેન ઉપાધ્યાયના હસ્તે કરવામાં આવ્યું હતું અંતે આંગણવાડીના બાળકોને લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં લોકસાહિત્ય પર વી.એસ. ગઢવીનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તા.૫ ઓગસ્ટના સવારે નવ કલાકે લોકસાહિત્ય અને મેઘાણી વિષય પર વી.એસ. ગઢવીનું વ્યાખ્યાન યોજાનાર છે. સાહિત્ય પ્રેમીઓને લાભ લેવા જણાવેલ છે. ગુજરાતી વિષયમાં અભ્યાસમાં લોકવિદ્યાની એકશાખા લોક સાહિત્યની ગણના થાય છે. આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ જણાવેલ છે.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ પ્રજ્ઞાચક્ષુ દક્ષા તડવી

ગાંધીનગર, તા. ૧

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તૃતીય વર્ષ બી.એ. પરીક્ષામાં કાન્તીભાઈ અંગ્રેજી વિષયમાં સમગ્ર કોલેજમાં ૯૦૦માંથી ૫૮૬ માર્કસ મેળવી તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

જીવનનું અમૂલ્ય અંગ આંખની રોશની ન હોવા છતાં માત્ર મેટ્રીક સુધીનો અભ્યાસ કરેલ માતા તરૂબેન વાચતા અને સાંભળીને કુ. દક્ષાએ આ સિદ્ધિ મેળવી છે. દક્ષા એમ.એ. અંગ્રેજી વિષયમાં અભ્યાસ કરીને અધ્યાપક બનવાનું સ્વપ્ન સેવી રહી છે. ટ્રસ્ટીઓ, આચાર્ય, અધ્યાપક ગણ ગૌરવની લાગણી અનુભવે છે.

## આવતીકાલે નાટક 'દીકરી વિનાનું ગામ'

ગાંધીનગર, તા. ૧

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર શાખા તરફથી બહેનો માટે તા. ૩જી ઓગસ્ટના બપોરે ૨થી ૫ કલાક દરમ્યાન આંબેડકર હોલમાં દિકરી વિનાનું ગામ નાટક રાખવામાં આવેલ છે. તો સર્વ બહેનોને નાટક જોવા પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે જણાવેલ છે.

## પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ વેઈટ લિફટીંગમાં વિજેતા

ગાંધીનગર, તા. ૧

સેકટર-૫ પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરેલ છે. જિલ્લા રમતગમત વિભાગ દ્વારા જિલ્લાકક્ષાએ અન્ડર-૧૯ વેઈટ લીફટીંગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલય તરફથી વેઈટ લીફટીંગ સ્પર્ધામાં જોશી પાર્થ, ભરતભાઈ અને દેસાઈ જયદેવ ભાગ લીધો હતો. જેમાં જોશી પાર્થ દ્વિતીય, દેસાઈ જયદેવ દ્વિતીય નંબર મેળવી વિજેતા થયા હતા. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્યા સ્વાતિબા રાઓલે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.




અલ્યા મફા હેંડ, બેહી જા, સીમમાં બકરા ચરાવીને આવીએ...!!

## ગાંધીનગરને શુભેચ્છા

વિશાળે જગવિસ્તારે ગાંધીનગર તુજ નામના વિસ્તરે,
અને કીર્તિધ્વજ ત્હારો, વિશ્વ આકાશે દૂર દૂર ફરકે,
ને ગુજરાતીજન ત્હારાં ગુણલાં ગાય હરખે હરખે,
વંદન કરીએ તુજને પાટનગર! ઉમંગે ઉમંગે.
ત્હારા જન્મદિવસે ઉન્નત મસ્તકે
ત્હારી શુભકામનાઓ કરીએ,
ગૌરવ વધે, તુજ સમૃદ્ધિ વધે,
એવી શુભેચ્છા અંતરની કરીએ.
હળીમળીને વસીએ સાથે ને તુજ ધરા પર સ્વર્ગ ઉતારીએ
ને આજે ત્હારા શુભ અવસર પર હરખથી આરતી ઉતારીએ.
સુવર્ણકાળ પાછો લાવીએ
હતો ભારતમાં યુગ જૂનો,
સમૃદ્ધ કરીએ આ ભોમકા
સુખી થાશે બધા જીવો.
સુગંધિત પવન ફૂંકાશે પાટનગરનાં ઉપવનો,
સોનાના હીંડોળે હીંચશે ગાંધીનગરનાં નગરજનો.
-પ્રા. એમ.વી. પરમાર 'મનમોજી' ગાંધીનગર

●●●

## પ્રાગટ્ય દિન મુબારક

પ્રાગટ્ય દિનની કરો ઉજવણી, પાટનગરી બની પટરાણી
એમ જ નથી બની એ રાણી, નગરપાલિકાની બની પટરાણી

### એ-૧ સીટી

ગાંધીનગર ગુજરાતનું એ વન સીટી છે
નામ છે એનું ગાંધીનગર ગુજરાતનું છે પાટનગર
ગુજરાતના વહીવટ કાજે
કર્મચારીઓ વસતાતા
ધીમે ધીમે વિકાસ થાતા
ધંધાદારીઓ આવ્યાતા
નવો નોકરીયાત જયારે
ગાંધીનગરમાં આવે છે
કહે છે આ તો જંગલ જેવું
આમાં કેમ રહેવાશે
બેચાર વરસ પછી જ્યારે
એ જ માણ મળે છે
કહે છે આ તો શાંતિનગર
આવું ક્યાંય ન ફાવે
આમ કરતાં માણસ જ્યારે
દસકો પસાર કરે છે
દસકા પછી એ જ માણસની
બદલી જયારે થાય છે
એના મોઢેથી ત્યારે
એના જ શબ્દો હોય છે
ગાંધીનગરમાં રહ્યા પછી
બીજે કેમ રહેવાશે
નૈસર્ગિકના માણ્યા પછી
કૃત્રિમ કેમ સહેવાશે
ગાંધીનગર ગુજરાતનું એ વન સીટી છે
નામ છે એ નું ગાંધીનગર ગુજરાતનું છે પાટનગર

# શકુરભાઈને અમદાવાદની જાણીતી હોટેલ 'પતંગ'માં પણ કાર્યક્રમ રજૂ કરવાની તક મળી જયાં રાજસ્થાની લોક સંગીત પીરસીને ચાહના મેળવી

'ભજન' એટલે સીધી સાદી કાલી ઘેલી ભાષામાં પ્રભુ સાથે વાતો. ગીત દ્વારા સહેજે ભગવાનને કાંઈ કહેવાનું મન થાય તે ભજન, ભજન એટલે ભગવાનને કાંઈ કહેવાનું મન થાય તે ભજન, ભજન એટલે ભગવાન સાથે વાતો... આત્માને પામવાનો સરળ માર્ગ એટલે ભજન... સાંભળીને મન પુલકિત થઈ જાય. પ.પૂ. મોરારી બાપુ કહે છે કે, ભજન પોતે 'સત્ય છે, રામસાગર (એકતારો, તંબૂર) એ 'પ્રેમ' છે અને ભજનિક એ પરમાત્માની કરૂણા છે. આજે સત્ય, પ્રેમ અને કરૂણાને ચરિતાર્થ કરતું વ્યક્તિત્વ ધરાવતા ભજનિક શકુરભાઈ રતનખાન શેખનો પરિચય મેળવીએ.

રંગીલા રાજસ્થાનના શિકર જિલ્લાના ધોદ ગામમાં રતનખાન શેખના ઘરે ૧-૧૦-૫૬ના રોજ પુત્ર શકુરખાનનો જન્મ થયો. છ ભાઈઓના કુટુંબમાં મોટા ભાઈ રમજાનખાન સંગીતમાં પારંગત હતા. તેઓ કંઠ્ય સંગીત અને વાદ્ય સંગીત (દરેક પ્રકારના વાદ્યો વગાડી જાણએ) બંનેમાં પ્રવિણ હતા. નાના ભાઈ શકુરને પણ સંગીત પ્રત્યે બચપણથી જ લગાવ.

શકુરભાઈએ પ્રાથમિક શાળા શિક્ષણ ધોદ ગામમાં (વતનમાં) જ મેળવ્યું. એસ.એસ.સી. સુધીના અભ્યાસ દરમિયાન શકુરખાને પોતાના મોટાભાઈ પાસેથી સંગીતની તાલીમ મેળવી અને શાળામાં જ તેઓએ સંગીતના કાર્યક્રમોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. રાજસ્થાની માડ 'માહરો માડ ચખીયો ઘર આવ્યા...' શાળામાં રજૂ કરીને શકુરભાઈ છવાઈ ગયા હતા. શકુરભાઈના મોટા ભાઈ રમજાનખાન પણ સંગીતક્ષેત્રે આગળ વધીને જયપૂર અને ઈન્દોર આકાશવાણી પર ગાયન અને વાદનના અનેક કાર્યક્રમો રજૂ કરવા લાગ્યા. મોટા ભાઈ પાસેથી તાલીમ અને પ્રેરણા મેળવી તથા સંગીત પ્રેમનાં કારણે શકુરભાઈ એ એસ.એસ.સી.માં હતા ત્યારે જ દિલ્હી દૂરદર્શન પર લોકસંગીતનો પ્રથમ કાર્યક્રમ રજૂ કર્યો અને આમ તેમની સંગીત સફરે ઉડાન ભરી.

જયપુરના મહારાજા માનસિંહના મહેલમાં અવારનવાર યોજાતી સંગીત કોન્ફરન્સમાં શકુરભાઈએ પોતાની કલા વડે શ્રોતાઓના મન મોહી લીધા હતા. માત્ર ૧૮ વર્ષની ઉંમરે સંગીત કોન્ફરન્સમાં શકુરભાઈએ લોકસંગીતનો આસ્વાદ્ય કાર્યક્રમ આપીને ધોદથી જયપુર અને રાજસ્થાનમાં શરૂ કરેલી સુરીલી સફર વડે સુર સાધક શકુરખાને સન્માન પણ મેળવ્યું.

સુર, સંગીત, સ્વરની સુંદર રજૂઆત સાથે શાસ્ત્રીય રાગો, ઠુમરી, વાદ્ય, સંગીત વિ.નું જ્ઞાન અને તાલીમ પણ મોટા ભાઈ રમજાનખાન પાસેથી મેળવ્યા હતા. જેના કારણે શકુરભાઈ હાર્મોનિયમ, ઓર્ગન, તબલાં, એકોર્ડીયન વિ. વાદ્યો પદ્ધતિસર અને શાસ્ત્રીય ઢબે વગાડીને તેમાં નિપૂર્ણતા હાંસલ કરી છે. પોતાનાં પ્રિય વાજિંત્રો - હાર્મોનિયમ અને ઓર્ગન વગાડવામાં ખાસ પારંગતતા મેળવી છે.

શકુરભાઈના સાઢુભાઈ ગાંધીનગરમાં રહેતા હતા. ૧૯૮૦માં તેઓ શકુરભાઈને નોકરી અર્થે ગાંધીનગર લઈ આવ્યા. ગાંધીનગર આવીને સંગીતના કાર્યક્રમોમાં ભાગ લેવાનું પણ શરૂ કર્યું અને સાથે સાથે જ ગુજરાત સરકારના સિંચાઈમાં ૧૯૮૪માં નોકરી પણ મળી. નોકરીની સાથે સંગીત પ્રવૃત્તિ તો ચાલુ જ રહી. અને રાજસ્થાની લોકસંગીત, માડ અને ભજનોની રસલ્હાણ પીરસીને શોખીને રસતરબોળ કરતા. શકુરભાઈને અમદાવાદની જાણીતી હોટેલ 'પતંગ'માં પણ કાર્યક્રમ રજૂ કરવાની તક મળી જયાં રાજસ્થાની લોક સંગીત પીરસીને ચાહવા મેળવી.

જીવનમાં નોકરી કરતાં સંગીતને પ્રાધાન્ય આપતા શકુરભાઈના ગુજરાતભરમાં અનેક કાર્યક્રમો થવા લાગ્યા. જામળા (હિંમતનગર) ના ઠાકોર સાહેબ શૈતાનસિંહના મહેલમાં રાજસ્થાની લોકસંગીતનો કાર્યક્રમ રજૂ કરીને ભરપૂર પ્રસંશા મેળવી હતી. એ પછી તો ઠાકોરસાહેબને ત્યાં છેલ્લા ૨૫ વર્ષથી યોજાતા તહેવારો તેમ જ લગ્ન પ્રસંગોએ

## કેફિયત કલા સાધકની

### આશા સરવૈયા

શકુરભાઈનો કાર્યક્રમ તો હોય જ!

ગુજરાતના કાર્યક્રમોની સાથે માદરે વતન રાજસ્થાનમાં પણ શકુરભાઈના કાર્યક્રમો થતા જ રહેતા. જોધપુર, જયપુર, બિકાનેર, બાડમેર વિ. જેવા શહેરોમાં શકુરભાઈ પોતાનો સ્વતંત્ર કાર્યક્રમ (વન મેન શો) રજૂ કરતાં અને ચાહના પ્રાપ્ત કરતા. નિમચ આર્મી કેન્ટોનમેન્ટ, મધ્યપ્રદેશ ખાતે યોજાયેલ સંગીત સ્પર્ધામાં શકુરભાઈએ માડ 'કેસરીયા બાલમ આવો ને પધારો મારે દેસ...' રજૂ કરીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ટ્રોફી મેળવી હતી.

ગાંધીનગરમાં સેકટરોમાં થતી નવરાત્રીમાં ઓર્ગન, હાર્મોનીયમ વગાડતાં શકુરભાઈ મધુર સુરો છેડીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા. ૧૯૯૫થી શરૂ કરીને પુષ્પાબેન દૂધરેજિયા, કનુભાઈ પંડ્યા, પ્રમોદભાઈ વિ. ના ગ્રુપમાં ગાંધીનગર, અમદાવાદ, નડીયાદ, હિંમતનગર વિ. શહેરોમાં યોજાતા નવરાત્રીના કાર્યક્રમોમાં ઓર્ગન વગાડતા. શકુરભાઈની સુર પરની પકડ અને સંગીતનું જ્ઞાન હોવાનાં કારણે ઓર્ગનમાંથી નીકળતા આબેહૂબ સૂર કાઢીને સંગીત પ્રેમીઓને અને ખેલૈયાઓને આનંદ વિભોર કરી દેતા.

૧૯૯૫માં જલારામ મંદિર, સે-૨૯ ખાતે યોજાયેલ કનુભાઈ પંડ્યાની કથામાં હાર્મોનિયમ વગાડનાર હાજર ન રહી શક્યા અને એ 'સુર સજી સાંજે' ભક્તિ સંગીતનાં કાર્યક્રમમાં શકુરભાઈને ઓર્ગન વગાડતા નિયંત્રણ મળ્યું. તેમની વગાડવાની ઢભ ઉપરાંત તબલા, હાર્મોનિયમની સંગતમાં સુરીલા કંઠે રજૂ કરેલા રામભક્તોની રંગતમાં સૌ કોઈ ડોલી ઉઠયા... અને તે દિનથી આજ સુધી છેલ્લા વીસ વર્ષથી મંદિરમાં દર ગુરૂ અને શનિવારે શાસ્ત્રીય સંગીત આધારિત વિવિધ સુરોમાં ડૂબેલા ભજનોની વૈવિધ્યતાઓએ શ્રોતાઓને જાણે સઘળું ભૂલાવી રામ નામ અને રહીમ, ઈશ્વર અને અલ્લાહ તેઓ માટે એક જ છે. શ્રીરામ -




શ્રીકૃષ્ણના અને વિવિધ ભજનો જુદા જુદા રાગમાં ઢાળીને પોતાની સ્વર રચનાઓ શકુરખાન રજૂ કરે છે. જેમાં 'મન લાગે મેરો રામ ફકીરી મેં, જનમ તેરા બાતો મેં બીત ગયા, મૈંને શંકર કા બડા રૂપ નિરાલા દેખા, સંતો સતગુરૂ અલખ લગાયા વિગેરે ભજનો પોતાની આગવી અદા અને ભક્તિ ભરી હલકથી રજૂ કરે છે. જેમાં શ્રોતાઓ પણ તેમાં સુર પુરાવે છે.

અક્ષરધામ ખાતે યોજાયેલ ભજન જલ્સામાં શકુરભાઈએ ભજન 'આજા કન્હૈયા મેરે દિલ મેં સમા જા, મધુરી સી મીઠી મીઠી તાન સુના જા..' રજુ કર્યું અને ઉપસ્થિત સ્વામીઓ પણ શકુરભાઈ પર વારી ગયા હતા.

ગાંધીનગરના જુદા જુદા કલાકારો સાથે મંદિરમાં શકુરભાઈ સંગત કરે છે. જેમાં પીઢ કલાકારો યોગેશભાઈ દક્ષિણી, એલ.ટી. બોરા, નંદકિશોર ખોપકર, રમેશભાઈ તન્ના, અશોકભાઈ ગણાત્રા દ્વારા દર ગુરુ અને શનિવારે રજૂ થતા ભજનોમાં સાથ આપતાં શકુરભાઈ ઓર્ગન વગાડીને ઘણો જ આનંદ મેળવે છે. શકુરભાઈની ઓર્ગન-હાર્મોનિયમ વગાડવાની રસમય પદ્ધતિના કારણે તેમની આંગળીઓ હાર્મોનિયમ પર એવી તો ત્વરિત અને કલાત્મક રીતે ફરતી હોય જાણે હાર્મોનિયમને અડતી જ નથી અને સપાટી પરથી જ પસાર થઈ રહી હોય! મંદિરના હોલમાં યોજાતા ભજનોમાં શકુરભાઈ વોરા જેવા જાણીતા રીધમીસ્ટોનો સાથ હોય છે.

શકુરભાઈ ૧૯૭૯માં સકીનાબેન સાથે લગ્ન થયા. પત્ની સકીનાબેન તથા બે પુત્રો અઝીઝ અને શરાફત પણ સંગીત દિવાના છે. મોટાપુત્ર અઝીઝે પિતા પાસેથી તબલા વાદન અને ગાયનની તાલીમ મેળવી છે. જલારામ મંદિરમાં અઝીઝ પણ ઘણી વખત પિતા શકુરભાી અને કલાકારોને તબલા સંગત કરીને પિતાનો વારસો જાળવે છે.

શકુરભાઈ સંગીતના (ગાયન-વાદન) તાલીમ વર્ગો પણ ચલાવે છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓને ઘરે જઈને સંગીત શીખવે છે.

શકુરભાઈને બચપનથી જ સંગીતની લગનના કારણે તાલ અને રાગ સાથે નીકટની દોસ્તી થઈ ગઈ છે. એક જ ભજનની દીપચંદી, કહેરવા, માલકૌંસ, દાદર, ભૈરવી જેવા વિવિધ રાગો આધારિત સ્વર રચના સાથે શકુરભાઈ મનભાવન પ્રસ્તુતિ કરી શકે છે.

અમદાવાદ દૂરદર્શન પર 'ગુડી પડવા' નિમિતે યોજાયેલ કાર્યક્રમમાં લોકસંગીત કુંદાબેન જોશી વિગેરે સાથે રજૂ કરીને સમગ્ર ગુજરાતમાં શકુરભાઈ છવાઈ ગયા હતા.

હાલમાં જ બાડમેર, રાજસ્થાન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જાણીતા ગાયક ઉસ્માન મીર સાથે કાર્યક્રમ રજૂ કરીને તેમણે ગૌરવ પ્રાપ્ત કર્યું છે. પોતાના વતન શિકર રાજસ્થાનમાં તેમના અનેક કાર્યક્રમો હજુ પણ યોજાય છે.

શાસ્ત્રીય સંગીત અને રાગના ચાહકો માટે જલારામ મંદિરમાં દર ગુરુ અને શનિવારની સાંજે ભજનો માણવાનો લ્હાવો લેવા જેવો છે.

શકુરભાઈના ભજનોની આ ધૂણી ધખતી જ રહે અને આવું પવિત્ર વાતાવરણ સર્જાતું જ રહે...!!